# GUJARAT ACT. NO. 13 OF 2012.

# THE GUJARAT MEDICARE SERVICE PERSONS AND MEDICARE SERVICE INSTITUTIONS (PREVENTION OF VIOLENCE AND DAMAGE OR LOSS OF PROPERTY) ACT, 2012.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનયમને રાજ્યપાલે સન ૨૦૧૨ના એપ્રિલ મહિનાની ૧૦મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**સી. જે. ગોઠી,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

## GUJARAT ACT. NO. 13 OF 2012.

*AN Act*

*to prohibit violence against medicare service persons and damage or loss of property in medicate service institutions and for the matters connected therewith and incidental thereto.*

**સન ૨૦૧૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૩.**

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૨ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખે ''ગુજરાત સરકારી રાજ્યપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ પ્રત્યે થતી હિંસા પર પ્રતિબંધ મૂકવા અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓમાંની મિલકતને નુકસાન અથવા હાનિ થતી અટકાવવા અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેનો અધિનિયમ.

રાજ્યમાં તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓના જીવનને હાનિકર્તા અથવા તેમના જીવનને જોખમમાં મૂકતા અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓમાંની મિલકતને નુકસાન અથવા હાનિ પહોંચાડતા હિંસાના કૃત્યોની સંખ્યામાં વધારો થતાં તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ અને વ્યવસાયીઓમાં અજંપો પેદા થાય છે તેને પરિણામે રાજ્યમાં આવી સેવાઓમાં અડચણ ઊભી થાય છે ;

અને તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ પ્રત્યે થતી આવી હિંસા પર પ્રતિબંધ મૂકવાનું અને આવી હિંસાત્મક પ્રવૃત્તિઓથી તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓની મિલકતને નુકસાન અથવા હાનિ થતી અટકાવવાનું જાહેર હિતમાં જરૂરી બન્યું છે ;

આથી, ભારતના ગણરાજ્યના ત્રેસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ

૧. (૧) આ અધિનિયમ ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ (હિંસા અને મિલકતને નુકસાન અથવા હાનિ થતી અટકાવવા બાબત) અધિનિયમ, ૨૦૧૨ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં, જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,–

(ક) ''નુકસાન'' એટલે મિલકતની ઉપયોગિતા અથવા કિંમતમાં ઘટાડો અથવા એવી મિલકતને હાનિ પહોંચાડવી ;

(ખ) ''હોસ્પિટલ અને તબીબી રેકર્ડ'' એટલે હોસ્પિટલના સત્તાધિકારી અથવા કોઇ પણ તબીબી સત્તાધિકારી દ્વારા એકત્રિત કરવામાં અથવા નિભાવવામાં આવતા ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વની બાબતો અંગેના રેકર્ડથી લઇને (આપવામાં આવતી) કોઇ પહોંચ સુધીના એવા તમામ દસ્તાવેજો અથવા રેકર્ડ ;

(ગ) ''તબીબી સારવારની સેવા આપતી સંસ્થા'' એટલે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અથવા સ્થાનિક મંડળો, વગેરેના નિયંત્રણ હેઠળની, કોઇ માન્ય ચિકિત્સા પદ્ધતિથી લોકોને તબીબી સારવારની સેવાઓ પૂરી પાડતી તમામ સંસ્થાઓ અને તેમાં, માંદી વ્યક્તિને સારવાર આપવા માટેની સુવિધાઓ ધરાવતી અને તેમને દાખલ કરવા અથવા તેમને રાખવા માટે ઉપયોગમાં લેવાતી કોઇ ખાનગી હોસ્પિટલનો ; સ્ત્રીઓની પ્રસૂતિના હેતુ માટે અને બાળકના જન્મ સાથે સંકળાયેલ પ્રસૂતિ પહેલાંની તથા પ્રસૂતિ પછીની સારવારના તથા તેની સાથે સંકળાયેલા બીજા કોઇપણ હેતુ માટે સામાન્ય રીતે જ્યાં સ્ત્રીઓને દાખલ કરવાની અને રાખવામાં આવતી હોય તેવા કોઇ ખાનગી પ્રસૂતિગૃહનો ; અને કોઇ શારીરિક અથવા માનસિક માંદગી, ઇજા અથવા અશક્તતાથી પીડાતી વ્યક્તિઓને દાખલ કરવા અને રાખવા માટે ઉપયોગમાં લેવાતા અથવા ઉપયોગમાં લેવાનો ઇરાદો હોય તેવા અને સારવાર અથવા શુશ્રુષા અથવા તે બન્ને પૂરી પાડતા કોઇ ખાનગી નર્સિંગ હોમ (શુશ્રુષા ગૃહ)નો તેમજ પ્રસૂતિગૃહ, સ્વાસ્થ્ય ગૃહ અથવા મોબાઇલ મેડિકેર યુનિટનો સમાવેશ થાય છે ;

(ઘ) તબીબી સારવારની સેવા આપતા સંસ્થાના સંબંધમાં,''તબીબી સારવારની સેવા આપી વ્યક્તિઓ''માં નીચેનાનો સમાવેશ થશે.

(૧) તબીબી સારવારની સેવા આપતી સંસ્થામાં કામ કરતાં રજિસ્ટર થયેલા તબીબી વ્યવસાયીઓ (કામચલાઉ રજિસ્ટ્રેશન ધરાવતી વ્યક્તિ સહિત) ;

સન ૧૯૬૮નો ગુજરાતનો ૨૪મો

(૨) ગુજરાત નર્સ, મિડવાઇવ્ઝ અને આરોગ્ય તપાસનીશ અધિનિયમ, ૧૯૬૮ હેઠળ રજિસ્ટર થયેલ નર્સ ;

(૩) સહાયક નર્સ અને મિડ–વાઇફ ;

(૪) તાલીમબદ્ધ દાઈ ;

(૫) તબીબી વિદ્યાર્થી ;

(૬) નર્સિંગનો વિદ્યાર્થી ;

(૭) ઉપ–તબીબી (પેરા મેડિકલ) સ્ટાફ અને અન્ય સ્ટાફ અથવા જરૂરી સેવાઓ પૂરી પાડવા માટે તબીબી સારવારની સેવા આપતી સંસ્થાને પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે કામે રાખેલ કર્મચારી ;

(ચ) ''તબીબી વિદ્યાર્થી'' એટલે તબીબી વ્યવસાયની તાલીમ લેતો હોય અથવા તેમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી.

(છ) ''મોબાઇલ મેડિકલ યુનિટ'' એટલે એમ્બ્યુલન્સ અથવા તબીબી સારવારની સેવા પૂરી પાડવા માટે ઉપયોગમાં લેવાતું તબીબી સાધન સામગ્રીથી સજ્જ કોઇ વાહન ;

(જ) ''નર્સિંગનો વિદ્યાર્થી'' એટલે નર્સિંગના વ્યવસાયમાં તાલીમ લેતો હોય અથવા તેમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ;

(ઝ) ''ગુનેગાર'' એટલે એવી કોઇ વ્યક્તિ જે પોતે અથવા વ્યક્તિઓના જૂથના અથવા સંગઠનના સભ્ય તરીકે અથવા નેતા તરીકે, આ અધિનિયમ હેઠળ હિંસા કરે અથવા હિંસા કરવાનો પ્રયત્ન કરે અથવા હિંસા કરવામાં મદદ કરે અથવા હિંસા કરવા ઉશ્કેરે ;

(ટ) ''ઉપ-તબીબી (પેરા મેડિકલ) સ્ટાફ'' એટલે એવી વ્યક્તિ જે તબીબી સારવારની સેવા પૂરી પાડવામાં તબીબી સારવાર સેવા આપતી વ્યક્તિને સહાય કરતી હોય ;

(ઠ) ''મિલકત'' એટલે મૂર્ત અથવા અમૂર્ત મિલકત (ઇન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ની જોગવાઇઓને અધીન રહીને) સહિત કોઇ પણ જંગમ અથવા સ્થાવર મિલકત અથવા હોસ્પિટલ અને તબીબી રેકર્ડ અથવા તબીબી સાધનસામગ્રી અથવા તબીબી યંત્રસામગ્રી અથવા કોઇ તબીબી સારવાર આપતા કર્મચારીવર્ગ અથવા તબીબી સારવારની સેવા આપતી સંસ્થાની માલિકીની અથવા તેના કબજામાંની અથવા તેના નિયંત્રણ હેઠળની કોઇ મિલકત ; — સન ૨૦૦૦નો ૨૧મો

(ડ) ''હિંસા'' એટલે હાનિ પહોંચાડતું અથવા જેનાથી તબીબી સારવારની સેવા આપતી સંસ્થામાં તબીબી સારવારની સેવા આપતી કોઇ વ્યક્તિને અથવા દર્દીને કોઇ હાનિ થાય, ઇજા થાય અથવા તેના જીવનને જોખમમાં મૂકે તેવું અથવા તેની ફરજ બજાવવામાં ધાકધમકી આપે, અવરોધ પેદા કરે અથવા અંતરાય ઊભો કરે અથવા તબીબી સારવારની સેવા આપતી સંસ્થામાં મિલકતને નુકસાન અથવા હાનિ પહોંચાડે તેવું કોઇ કૃત્ય અથવા પ્રવૃત્તિ.

**હિંસા પર પ્રતિબંધ**

૩. કોઇ પણ વ્યક્તિએ, તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિ વિરૂદ્ધ હિંસાના કોઇ કૃત્યમાં અથવા તબીબી સારવારની સેવા આપતી સંસ્થાની મિલકતને હાનિ અથવા નુકસાન કરવામાં સંડોવાવું જોઇશે નહિ.

**શિક્ષા**

૪. કલમ-૩નું ઉલ્લંઘન કરીને હિંસાનું કોઇ કૃત્ય કરે અથવા કરવાનો પ્રયત્ન કરે અથવા હિંસાનું કોઇ કૃત્ય કરવામાં મદદ કરે અથવા હિંસા કરવા ઉશ્કેરે તેવો કોઇ ગુનેગારને ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અથવા પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા થશે.

**ગુનાની ન્યાયિક નોંધ**

૫. આ અધિનિયમ હેઠળ કરાયેલ કોઇ પણ ગુનો પોલીસ અધિકારનો અને બિન-જામીનપાત્ર રહેશે.

**મિલકતને કરેલા નુકસાન અથવા તેને હાનિ પહોંચાડવા માટે વળતર ચૂકવવાની જવાબદારી**

૬. (૧) કલમ ૪માં નિર્દિષ્ટ કરેલી શિક્ષા ઉપરાંત, ગુનેગાર, કોર્ટ ઠરાવે તેટલી સમય મર્યાદાની અંદર, નુકસાન કર્યા હોય તેવા તબીબી સાધનસામગ્રીની બજાર કિંમતની બમણી રકમ અને મિલકતને કરેલા નુકસાનના સંબંધમાં,કોર્ટ નક્કી કરે તેટલી રકમનું વળતર દંડ તરીકે ચૂકવવા પણ જવાબદાર રહેશે.

(૨) ગુનેગાર પેટા-કલમ (૧) હેઠળ વળતર ન ચૂકવે તો ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ની જોગવાઇઓ હેઠળ જમીન મહેસૂલની બાકી તરીકે સદરહુ રકમ વસૂલ કરવી જોઇશે. — સન ૧૮૭૯નો મુંબઇનો ૫મો

| | | | |
|---|---|---|---|
| ૭. | (૧) | આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિયમો કરી શકશે. | નિયમો કરવાની સત્તા |
| | (૨) | આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે. અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યાર પછીના તરતના સત્ર દરમ્યાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે. | |
| | (૩) | રાજ્ય વિધાનમંડળ દ્વારા તેમાંથી જે કંઇ રદ કરવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવેલ તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે. | |
| ૮. | (૧) | સરકાર અથવા સરકારે આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી અધિકૃત કરેલ કોઇ વ્યક્તિ,.કાર્યવાહીઓ માંડતા પહેલા અથવા માંડયા પછી, આ અધિનિયમથી અથવા તે હેઠળના શિક્ષાપાત્ર ગુનાની માંડવાળ કરી શકશે.<br>ગુનાની માંડવાળ કરેલ હોય ત્યારે, ગુનેગાર, કસ્ટડીમાં હોય તો તેને તેમાંથી મુક્ત કરવો જોઇશે અને માંડવાળ કરેલ ગુનાના સંબંધમાં, તેની વિરૂદ્ધ વધુ કોઇ પણ કાર્યવાહી કરવી જોઇશે નહિ. | ગુનાની માંડવાળ |
| ૯. | | આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ પણ કૃત્ય માટે, સરકાર અથવા સરકારે અધિકૃત કરેલ કોઇ વ્યક્તિ અથવા અધિકારી અથવા તબીબી સારવારની સેવા આપતી સંસ્થાના વડા અથવા તેના અધિકૃત પ્રતિનિધિ સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ. | શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ |
| ૧૦. | | આ અધિનિયમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદાની જોગવાઇઓ ઉપરાંતની અને તેનું અલ્પીકરણ કરતી ન હોય તેવી રહેશે. | અધિનિયમથી, બીજા કોઇ કાયદાનું અલ્પીકરણ ન થવા બાબત |